# કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી-પોરબંદર

જિલ્લા સેવા સદન-૧, પ્રથમ માળ, રૂમ નં.૧૧૨, એરપોર્ટ સામે, પોરબંદર.

ફોન નં.૦૨૮૬૨૨૨૦૮૦૦ ફેકસ નં.૨૨૨૦૮૦૧,

Email: collectorpbradm1@gmail.com, Web Site:-https://collectorporbandar.gujarat.gov.in


## - પ્રેસનોટ:- (તા.૧૮/૦૭/૨૦૨૦) -

નોવેલ કોરોના વાઈરસ(covid-19)ના કારણે પોરબંદર જિલ્લામાં ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને નોવેલ કોરોના વાઈરસ (covid-19) ના ઝડપી સંક્રમણને અટકાવવા તકેદારીના ભાગરૂપે નીચે મુજબ કામગીરી કરવામાં આવે છે.

- જિલ્લામાં અત્યાર સુધીમાં લેવાયેલ સેમ્પલ પૈકી **કુલ ૫૧** સેમ્પલો પોઝીટીવ આવેલ છે. જેમાં પોરબંદર જિલ્લાના કુલ **૩૦ પોઝીટીવ** કેસ નોંધાયેલ છે. હાલમાં **કુલ ૯ એકટીવ** કેસ છે.
- તા. ૧૭/૦૭/૨૦૨૦ના **કુલ ૬૮** સેમ્પલ લેવામાં આવેલ, જેમાંથી **કુલ ૬૮**સેમ્પલ નેગેટીવ આવેલ છે. આજ રોજ **કુલ ૭૧** સેમ્પલ લેવામાં આવેલ છે. અત્યાર સુધીમાં લેવામાં આવેલ **કુલ-૪૧૯૨** સેમ્પલ પૈકી **કુલ-૪૦૯૭ સેમ્પલ નેગેટીવ** આવેલ છે.
- હાલમાં સીવીલ હોસ્પિટલ પોરબંદર ખાતે આઈસોલેશન સ્થળ તરીકે જાહેર કરવામાં આવેલ છે. **આઈસોલેશન વોર્ડ** ખાતે કુલ-**૬૬ વ્યક્તિ** રાખવામાં આવેલ જે પૈકી **૫૪ વ્યક્તિઓને ડિસ્ચાર્જ** કરેલ છે અને હાલ **૯ વ્યક્તિઓ સારવાર હેઠળ** છે.
- જિલ્લામાં વી.આર. ગોઢાણીયા ગર્લ્સ હોસ્ટેલ, જિલા ખેડૂત તાલીમ ભવન(એ.ટી.એમ.એ.), મહાત્મા ગાંધી કુમાર છાત્રાલય અને વનાણા એ.એન.એમ. ટ્રેનિંગ સ્કૂલ ખાતે જિલ્લા ક્વોરેન્ટાઇન સેન્ટર તરીકે કાર્યરત છે. જેમાં **કુલ ૩૨૭** બેડ કેપેસિટી છે.
- અત્યાર સુધીમાં **જિલ્લા ક્વૉરેન્ટાઈન સેન્ટર** ખાતે તથા **પ્રાઈવેટ હોટલોને** મળી કુલ-**૫૭૦૯ વ્યક્તિઓને જિલ્લા ક્વૉરેન્ટાઈન સેન્ટરમાં** રાખવામાં આવેલ જે પૈકી **૫૫૭૮ વ્યક્તિઓને ડિસ્ચાર્જ** કરેલ છે અને હાલ **૧૩૧ વ્યક્તિઓ નિરીક્ષણ હેઠળ** છે.
- જિલ્લામાં આદર્શ નિવાસી કન્યા છાત્રાલય અને કસ્તુરબા કન્યા છાત્રાલયને કોવીડ કેર સેન્ટર તરીકે જાહેર કરવામાં આવે છે. જેમાં કુલ ૧૧૬ બેડ કેપેસિટી છે. કોવીડ કેર સેન્ટર ખાતે કુલ-**૬૫ વ્યક્તિ** નિરીક્ષણ/સારવાર હેઠળ છે.
- હાલમાં **પોઝિટીવ કેસના રહેણાંક નજીકના ૨૭૬ રહેણાંકના ૧૦૮૫ વ્યક્તિઓ કન્ટેન્મેન્ટ ઝોનમાં** ચકાસણી હેઠળ છે.
- અત્યાર સુધીમાં હોમ ક્વોરન્ટાઈનમાં **કુલ-૧૪૭૬૪** વ્યક્તિઓ ચકાસણી હેઠળ રાખવામાં આવેલ હતા જે પૈકી **૧૨૬૬૯** વ્યક્તિઓનું હોમ ક્વોરન્ટાઈન પૂર્ણ થઈ ગયેલ છે.
- વ્યક્તિઓની તબીબી ચકાસણી માટે ડોર ટૂ ટોર સર્વે કરવાનો બે રાઉન્ડ પુર્ણ થયેલ છે. જયારે **ત્રીજા** રાઉન્ડમાં તા.૦૮/૦૫/૨૦૨૦ થી આજ દિન સુધી **૯૮,૮૮૩ વ્યક્તિઓનો સર્વે કરવામાં** આવેલ છે.
- અત્યાર સુધીમાં જિલ્લામાં આવેલ જુદા-જુદા એન્ટ્રી પોઈન્ટ ઉપરથી સહિત કુલ **૨,૨૯,૪૨૭** વ્યક્તિઓની સ્કીનીંગ ચકાસણી કરવામાં આવેલ છે.

- અત્યાર સુધીમાં **બોટ** ક્વોરન્ટાઇનમાં કુલ **૩૨૬ વ્યક્તિ** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ છે. જે પૈકી **૩૨૬** વ્યક્તિઓનું **બોટ** ક્વોરન્ટાઈન પૂર્ણ થઈ ગયેલ છે.
- અત્યાર સુધીમાં **સેલ્ફ** ક્વોરન્ટાઇનમાં કુલ **૩૫૫ વ્યક્તિ** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ છે. જે પૈકી **૩૪૨** વ્યક્તિઓનું **સેલ્ફ** ક્વોરન્ટાઈન પૂર્ણ થઈ ગયેલ છે.
- પોરબંદર જિલ્લાના જે વિસ્તારમાં કોરાના વાયરસ પોઝીટીવ આવેલ છે, તેવા કુલ વિસ્તાર (૧) પોરબંદર-૯ (૨) રાણાવાવ-૨ (૩) કુતિયાણા-૧ માં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદરના જાહેરનામાથી **કન્ટેન્મેન્ટ ઝોન વિસ્તાર** જાહેર કરવામાં આવેલ છે.
- જાહેર જગ્યાએ માસ્ક ન પહેરવા બદલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદરના હુકમનો ભંગ કરવા સબબ Indian Penal Codeની કલમ ૧૮૮ તળે તથા Epidemic Diseases Act. 1897ને આધિન **અત્યાર સુધીમાં કુલ- ૧૪,૦૯,૬૦૦ /-રૂપિયાનો દંડ વસૂલ કરવામાં** આવેલ છે.
- તા.૧૭/૦૭/૨૦૨૦ના રોજ દિવસ દરમ્યાન પોલીસ વિભાગ દ્વારા જાહેરમાં માસ્ક ન પહેરવા અને જાહેરમાં થૂંકવા બદલ **કુલ-૩૧૭** વ્યક્તિઓ પાસેથી **કુલ-૬૩,૪૦૦/- રૂપિયાનો** અને નગરપાલિકા દ્વારા જાહેરમાં માસ્ક ન પહેરવા અને જાહેરમાં થૂંકવા બદલ **કુલ-૧૮** વ્યક્તિઓ પાસેથી **કુલ-૩૬૦૦/- રૂપિયાનો** દંડ વસુલ કરવામાં આવેલ છે.

**નિવાસી અધિક કલેક્ટર**
**જિલ્લો પોરબંદર**

**પ્રતિ,**
સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, જિલ્લા સેવા સદન-૨, પોરબંદર.